# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા,
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/**૧૨૫૫૨**

તા.૨૨/૦૧/૨૦૧૮

**પરિપત્ર : ૪૬૨**

વિષય: "ગ્રાન્ડ એજ્યુકેશન ફેર-૨૦૧૮" અંગે.

સંદર્ભ: એડવાઇઝરશ્રી, કે.સી.જી.નો તા.૨૦/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક.કેસીજી/૨૦૧૭-૧૮/૪૨૪૫

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર., નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત, અમદાવાદ તથા ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૦૨-૦૩-૦૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ, ૧૩૨ ફુટ રીંગ રોડ, મેમનગર, અમદાવાદ ખાતે અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને નીચેની બાબતે માહિતી અને પ્લેટફોર્મ મળી રહે તે માટે **"ગ્રાન્ડ એજ્યુકેશન ફેર-૨૦૧૮"** નું આયોજન કરવામાં આવ્યું છે.

- આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો.
- આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ અને કૉલેજોની પ્રવેશ પ્રક્રિયા, ફીનું માળખું, અભ્યાસક્રમનો સમયગાળો, પ્લેસમેન્ટની સુવિધા, હોસ્ટેલની સુવિધા વિગેરે જેવી માહિતી.
- વિદેશમાં અભ્યાસ કરવા માટે કેરિયર ગાઈડન્સ
- વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારની વિવિધ પ્રોત્સાહક યોજનાઓ
- સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલીસી
- શિક્ષણની નવીન વિદ્યાશાખાઓ અને અભ્યાસક્રમો

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના તમામ અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને ઉપરોક્ત બાબતે પ્લેટફોર્મ અને માહિતી મળી રહે તે માટે ત્રણમાંથી કોઈપણ એક દિવસે આ ફેરની મુલાકાત લેવાની રહેશે. આ માટે આપની કૉલેજમાં કાર્યરત અધ્યાપકશ્રીની નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરી આપની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું http://www.educationfairgujarat.org લીંક પર રજીસ્ટ્રેશન કરાવી તેની માહિતી યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે.

વધુમાં આપને, આપની કૉલેજમાં કાર્યરત શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને ગ્રાન્ડ એજ્યુકેશન ફેર-૨૦૧૮ તથા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના સ્ટોલ નં 11-A ની મુલાકાત લેવા ખાસ આગ્રહ છે. આપની કોલેજનો આ એજ્યુકેશન ફેરની મુલાકાત લીધાનો ફોટોગ્રાફ્સ સહિતનો અહેવાલ તા.૦૭/૦૨/૨૦૧૮ સુધી યુનિવર્સિટીને મોકલી આપવા વિનંતી.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

**કુલસચિવ**
**શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી**
**ગોધરા**

પ્રતિ,
**આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.**

Scanned by CamScanner